કેપિટલ હેલ્થ સિસ્ટમ
કોર્પોરેટ અનુપાલન કાર્યક્રમ
નીતિ અને વિધિ

છેલ્લે મંજૂર થયું - ફેબ્રુઆરી 2025

લાગુ - ફેબ્રુઆરી 2025

છેલ્લે સુધારેલ - ફેબ્રુઆરી 2025

આગામી સમીક્ષા - ડિસેમ્બર 2025

<table>
<tr><td colspan="2">શીર્ષક: હૉસ્પિટલ કલેક્શન અને આર્થિક મદદ નીતિ</td><td>નં: CCP-FI -006</td></tr>
<tr><td colspan="2">મૂળ સ્રોત: કોર્પોરેટ અનુપાલન</td><td>અમલી તારીખ:<br><br>1 જાન્યુઆરી, 2022</td></tr>
<tr><td rowspan="2">કાર્યકારી મંજૂરીઓ:<br><br>___________________________</td><td rowspan="2">કર્મચારી:<br>નાણાં<br>પેશન્ટ ઍક્સેસ<br>પેશન્ટ ઍકાઉન્ટ્સ</td><td>સુપરસીડ્સ:<br><br>CCP-FI -006 1 જાન્યુઆરી 2021</td></tr>
<tr><td>પાન: 1 / 22</td></tr>
</table>

<table>
<tr>
<td rowspan="2">અલ મેધાઝેહે, Ph.D.,<br>CHE પ્રમુખ અને CEO<br><br>______________________<br>સ્ટીફન એ. મિલર, JD<br>મુખ્ય અનુપાલન અધિકારી<br><br>______________________<br>શેન ફ્લેમિંગ<br>વરિષ્ઠ VP &મુખ્ય નાણાંકીય અધિકારી</td>
<td>વિતરણ:<br>કેપિટલ લિંક –<br>કૉર્પોરેટ અનુપાલન</td>
<td></td>
</tr>
<tr>
<td colspan="2">સમિતિ મંજૂરીઓ:<br><br>કૉર્પોરેટ અનુપાલન કાર્યકારી સંચાલન સમિતિ<br><br>કાર્યકારી મંજૂરીઓ:<br><br>બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ</td>
</tr>
</table>

## I. હેતુ

ન્યાયી અને નિષ્પક્ષ બિલિંગ, કલેક્શન અને આર્થિક મદદની કાર્યપ્રણાલીઓ માટેના ધોરણો સ્થાપિત કરવા જે કૅપિટલ હેલ્થ મૅડિકલ સેન્ટર - બીનનફાકીય સ્વાસ્થ્યસંભાળ પ્રદાતા તરીકે હોપવેલ્સ અને કૅપિટલ હેલ્થ રિજિયોનલ મૅડિકલ સેન્ટરની (સંયુક્તપણે "કૅપિટલ હેલ્થ") સ્થિતિ પ્રતિબિંબિત કરે અને પોતાના સેવા ક્ષેત્રના નિવાસીઓની ચૂકવણી કરવાની ક્ષમતા સાથે કોઇ સંબંધ વિના તેમને ઉચ્ચ ગુણવત્તાની સ્વાસ્થ્યસંભાળ સેવાઓની પહોંચ પૂરી પાડવાના તેમના મિશનને વેગ આપે.

## II. પત્રકો/બીડાણ

કૅપિટલ હેલ્થ ગુપ્ત નાણાંકીય વર્કશીટ

કૅપિટલ હેલ્થ પ્રોવાઇડર સૂચિ

## III. ઉપકરણ/પુરવઠો

એકપણ નહીં

## IV. નીતિ

પોતાના મિશનના સૂત્ર સાથેના સંબંધમાં, કૅપિટલ હેલ્થ અને ઈન્ટરનલ હેલ્થ રેવન્યુ સર્વિસ દ્વારા વ્યાખ્યાયિત કોઇપણ આધારભૂત રીતે સંબંધિત સંસ્થા એવી ન્યાયી અને નિષ્પક્ષ બિલિંગ કાર્યપ્રણાલીઓ જાળવે છે જે બધા દર્દીઓ સાથે ગરિમા, આદર અને દયા સાથે વ્યવહાર કરે છે. ઈમર્જન્સી કેર (નીતિ ક્રમાંક CCP-PC-002) અને ઈમર્જન્સી મૅડિકલ ટ્રીટમેન્ટ અને લેબર ઍક્ટ (EMTALA) અંગે પોતાની નીતિ પ્રમાણે કોઇપણ વ્યક્તિની ચૂકવણી કરવાની ક્ષમતા સાથે કોઇ સંબંધ વિના કૅપિટલ હેલ્થ દરેકની કટોકટીની અને અન્ય તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્યસંભાળની જરૂરિયાતો પૂરી કરે છે. પોતાની સંભાળ માટે આંશિક કે પૂરી ચૂકવણી કરવા અક્ષમ હોય તેવા દર્દીઓને મદદની અનુકૂળતા કૅપિટલ હેલ્થ કરી આપે છે જે

કૅપિટલ હેલ્થના મિશન અને મૂલ્યો સાથે સુસંગત હોય અને જેમાં પોતાની સંભાળના ખર્ચમાં પ્રદાન કરવાની દરેક વ્યક્તિની ક્ષમતાને ધ્યાનમાં લેવામાં આવે છે.

કૅપિટલ હેલ્થ મૅડિકલ સેન્ટર - હોપવેલ ઍન્ડ કૅપિટલ હેલ્થ રિજિયોનલ મૅડિકલ સેન્ટર ખાતે કટોકટીની અથવા અન્ય તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્યસંભાળ સેવાઓ પૂરી પાડનારા બધા પ્રદાતાઓની યાદી માટે અને આર્થિક મદદ નીતિ ("FAP") દ્વારા તેઓ આવરી લેવામાં આવ્યા છે કે નહીં તે માટે કૃપા કરીને પરિશિષ્ટ B જુઓ. આ યાદીની દર ત્રણ મહિને સમીક્ષા કરવામાં આવશે અને જરૂરી જણાય તો સુધારવામાં આવશે.

## V. બહોળો પ્રચાર

FAP, કૅપિટલ હેલ્થ કૉન્ફિડન્શિયલ ફાયનાન્શિયલ વર્કશીટ ("અરજી") અને પ્લેઈન લેન્ગ્વિજ સમરી ("PLS") આ તમામ ઇંગ્લીશમાં તથા ઇંગ્લીશમાં મર્યાદિત નિપુણતા ધરાવતા એવા લોકોની માતૃભાષામાં ઉપલબ્ધ છે જેમની સંખ્યા પ્રત્યેક હૉસ્પિટલના પ્રાથમિક સેવા ક્ષેત્રનો લાભ મેળવતા સમાજના 1,000 વ્યક્તિઓ અથવા તેના 5%થી ઓછી હોય. ઉપલબ્ધ ભાષાંતરોમાં જેમની માતૃભાષાનો સમાવેશ કરવામાં આવ્યો ન હોય તેવા દર્દીઓને FAP દસ્તાવેજો સ્પષ્ટ રીતે જણાવવામાં આવે તેની ખાતરી કરવા માટે દરેક પ્રયત્ન કરવામાં આવશે. PLS એ લેખિત નિવેદન છે જે વ્યક્તિને એવી જાણ કરે છે કે હૉસ્પિટલ સુવિધા આર્થિક મદદ આપે છે અને સમજવામાં સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સરળ હોય તેવી ભાષામાં આ FAP વિશે માહિતી પૂરી પાડે છે.

દર્દીઓને આર્થિક મદદની સંભવિત ઉપલબ્ધતા અંગે જાણ કરવા માટે કૅપિટલ હેલ્થ વ્યાજબી પ્રયત્નો કરે છે. જ્યારે દર્દી આર્થિક મદદ વિશે પૂછપરછ કરે ત્યારે સ્ટાફ દર્દીને જણાવશે કે આર્થિક મદદ ઉપલબ્ધ હોઈ શકે છે, પરંતુ માત્ર આ નીતિમાં નક્કી કરેલાં માપદંડો પ્રમાણે જ તે ઉપલબ્ધ થશે અને વધુ માહિતી માટે દર્દી અથવા ફિઝિશિયને પેશન્ટ ઍકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટમાં ક્રેડિટ અને કલેક્શન્સ મેનેજરનો સંપર્ક કરવો જોઈએ.

FAP, અરજી અને PLS નીચે પ્રમાણે ધ્યાન ખેંચાય તે રીતે રજૂ કરવામાં આવશે:

A. FAP, અરજી અને PLS કેપિટલ હેલ્થની આ વેબસાઇટ પર બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે: www.capitalhealth.org;

B. ટપાલ દ્વારા ચાર્જ વિના અને નીચેના સરનામાઓ પર આવેલી પ્રત્યેક હૉસ્પિટલ સુવિધા (આમાં ઓછામાં ઓછા ઈમર્જન્સી રૂમ અને ઍડમિશન એરિયાનો સમાવેશ થાય છે)ના સાર્વજનિક સ્થળો પર FAP, અરજી અને PLS ઉપલબ્ધ છે:

Capital Health Medical Center – Hopewell
One Capital Way
Pennington, NJ 08534

Capital Health Regional Medical Center
750 Brunswick Avenue
Trenton, NJ 08638

C. પ્રત્યેક હૉસ્પિટલ સુવિધાઓ દ્વારા સેવા મેળવતા સમાજના સભ્યોને એવી રીતે માહિતી આપવી અને જાણ કરવી કે જે સૌથી વધુ આર્થિક મદદની જરૂરિયાતની સંભાવના હોય તેવા સમાજના સભ્યો સુધી પહોંચે;

D. હૉસ્પિટલ સુવિધાઓમાંથી સંભાળ મેળવે તેવા સભ્યોને નીચે પ્રમાણે FAP વિશે માહિતી આપવી અને જાણ કરવી:

1. ઈનટેક પ્રક્રિયાના ભાગરૂપે ઈનપેશન્ટ્સને PLSની પેપર કૉપી આપવી;

2. સ્પષ્ટ ધ્યાન ખેંચે તેવી લેખિત નોટિસનો સમાવેશ કરવો જે દર્દીઓને બિલિંગના બધા સ્ટેટમેન્ટ પર આર્થિક મદદની ઉપલબ્ધતા વિશે જાણ કરે;

3. દરેક હૉસ્પિટલ સુવિધામાં સાર્વજનિક સ્થળોમાં આર્થિક મદદની ઉપલબ્ધતા વિશે દર્દીઓને જાણ કરતા અને માહિતી આપતા સ્પષ્ટ સંકેતો દર્શાવવા.

## VI. આર્થિક મદદના કાર્યક્રમો અને યોગ્યતાના માપદંડો

### A. <u>બિનઆરક્ષિત દર્દીઓ:</u>

બિનઆરક્ષિત દર્દીની વ્યાખ્યા એ છે જે તેમના માટે તબીબી રીતે જરૂરી સેવાઓનું વીમા કવરેજ ધરાવતા ન હોય અને જે કોઇપણ રાજ્ય, ફેડરલ અથવા સ્થાનિક કાર્યક્રમો માટે લાયક ન હોય. જો દર્દી આ વ્યાખ્યા અને નીચે "a" અને "b"માં વ્યાખ્યાયિત માપદંડોને પૂરા કરતા હોય તો; દર્દી રાજ્ય દ્વારા ફરજિયાત એવા વીમારહિત ડિસ્કાઉન્ટ માટે લાયક સાબિત થશે જે દર્દીની જવાબદારી મેડિકેરના વળતરના 115%થી વધુ પર એડજસ્ટ નહીં કરે *(NJ Public Law 2008, c.60). આ ડિસ્કાઉન્ટ માટે કોઇ અરજી કરવી જરૂરી નથી..*

આ ડિસ્કાઉન્ટ નીચે પ્રમાણે ગણવામાં આવે છે:

1. તમામ ઈનપેશન્ટ સેવાઓ માટે મેડિકેર DRG રકમના 115%નો ઉપયોગ કરવો; અને

2. તમામ આઉટપેશન્ટ સેવાઓ માટે મેડિકેર રકમના 115%નો ઉપયોગ કરવો.

દરેક દર્દીના આર્થિક સંજોગોના આધારે વાજબી રીતે ડિસ્કાઉન્ટ લાગુ કરવાનો અધિકાર **Capital Health** પાસે આરક્ષિત છે.

વીમો ન હોય તેવા દર્દીએ નીચેના માપદંડોને પૂર્ણ કરવાના રહેશે:

a. ન્યુ જર્સીના નિવાસી આકસ્મિક અને બિન-આકસ્મિક એ બંને સેવાઓ માટે લાયક સાબિત થાય છે.

b. ન્યુ જર્સીની બહારના અમેરિકાના નિવાસી માત્ર આકસ્મિક સેવાઓ માટે જ લાયક ઠરે છે.

જો દર્દી અરજી પૂરી કરે અને આ નીતિ હેઠળ આર્થિક મદદ માટે લાયક ઠરે તો દર્દી પાસેથી વીમારહિત ડિસ્કાઉન્ટ અથવા સામાન્ય રીતે આવી સંભાળ માટેના રકમના બિલથી વધારે ચાર્જ લેવામાં આવશે નહીં (જુઓ વિભાગ VI I ).

B. <u>ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ (“ચેરિટી કેર”):</u>

ચેરિટી કેર સહાયતા મફત અથવા ઘટેલા દરની સંભાળ છે જે એવા દર્દીઓને ઉપલબ્ધ છે જેઓ ન્યુજર્સીના સમગ્ર રાજ્યમાં એક્યુટ કેર હૉસ્પિટલો ખાતે ઈનપેશન્ટ અને આઉટપેશન્ટ સેવાઓ મેળવે છે.

ચેરિટી કેર એ સરકારી કાર્યક્રમ છે જે ન્યુ જર્સીના નિવાસીઓ માટે ઉપલબ્ધ છે જેઓ:

1. પાસે કોઇ સ્વાસ્થ્ય વીમાનું કવરેજ નથી અથવા એવું કવરેજ હોય જે બિલની માત્ર આંશિક રકમ જ ચૂકવે;

2. કોઇપણ ખાનગી અથવા સરકારી પ્રાયોજીત કવરેજ માટે ગેરલાયક હોય; અને

3. રાજ્ય દ્વારા ઠરાવેલા આવક અને સંપત્તિની યોગ્યતાના માપદંડો એ બંને પૂર્ણ કરતા હોય.

આવકની યોગ્યતાના માપદંડો - ફેડરલ પોવર્ટી ગાઇડલાઈન્સ ("FPG")ના 200%થી ઓછી અથવા તેના જેટલી કુલ કૌટુંબિક આવક ધરાવતા દર્દીઓ 100% ચેરિટી કેર કવરેજ માટે લાયક છે. કુલ કૌટુંબિક આવક FPGના 200%થી વધારે હોય પરંતુ 300%થી ઓછી અથવા તેના જેટલી હોય તેવી કુલ કૌટુંબિક આવક ધરાવતા દર્દીઓ ચેરિટી કેર કાર્યક્રમ હેઠળ રાહત દરે સંભાળ માટે લાયક છે. આવકની યોગ્યતાના માપદંડો સેવાની તારીખથી તરત પહેલાં આવતી આવક પર આધારિત છે.

સંપત્તિની યોગ્યતાના માપદંડો - લાયક સાબિત થવા માટે સેવાની તારીખ પ્રમાણે દર્દીની અંગત સંપત્તિઓ $7,500થી વધુ હોઈ ન શકે અને કૌટુંબિક આવક $15,000થી વધી ન

શકે. આ વિભાગના હેતુઓ માટે જેમની સંપત્તિઓ ધ્યાનમાં લેવી જોઇએ તેવા કુટુંબીજનો એ બધા કાનૂની રીતે જવાબદાર લોકો છે જેમની વ્યાખ્યા NJ.AC.10:52-11.8(a).માં આપવામાં આવી છે.

મફત સંભાળ અથવા આંશિક રીતે આવરી લેવામાં આવેલા ચાર્જ વીમારહિત આવક માટે ન્યુ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ કેરના માપદંડોનો ઉપયોગ કરીને નક્કી કરવામાં આવશે.

C. <u>ઓછી રકમના વીમામાં ડિસ્કાઉન્ટ:</u>

કેપિટલ હેલ્થ ઓછી રકમનો વીમો ધરાવતા એવા બધા લાયક દર્દીઓ માટે ડિસ્કાઉન્ટ પૂરું પાડે છે જેઓ તેમના હૉસ્પિટલના બિલનો બધો કે અમુક હિસ્સો ચૂકવી શકવાની સ્થિતિમાં ન હોય. આ ડિસ્કાઉન્ટ ઓછી રકમનો વીમો ધરાવતા એવા દર્દીઓને ઉપલબ્ધ છે જેઓ આવકની યોગ્યતાના નીચેના માપદંડોને પૂર્ણ કરતા હોય.

આવકની યોગ્યતાના માપદંડો - ફેડરલ પોવર્ટી ગાઈડલાઈન્સ ("FPG")ના 400%થી ઓછી અથવા તેના જેટલી કુલ કૌટુંબિક આવક ધરાવતા દર્દીઓ 100% કવરેજ માટે લાયક છે. કુલ કૌટુંબિક આવક FPGના 400%થી વધારે હોય પરંતુ 600%થી ઓછી અથવા તેના જેટલી હોય તેવા દર્દીઓ રાહત દરે સંભાળ માટે લાયક છે.

મફત સંભાળ અથવા આંશિક રીતે આવરી લેવામાં આવેલા ચાર્જ વીમારહિત આવક માટે ન્યુ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ કેરના માપદંડોમાં સામેલ રકમોને બમણી કરીને (2x) નક્કી કરવામાં આવશે.

## VII. બિલની સામાન્ય રકમ ("AGB")

Internal Revenue Code §501(r)(5) પ્રમાણે કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળના કિસ્સામાં આ FAP હેઠળ આર્થિક મદદ માટે લાયક દર્દીઓ પાસેથી એવી વ્યક્તિ કરતા વધારે ચાર્જ લેવામાં નહીં આવે જેઓ આવી સંભાળને આવરી લેતો વીમો ધરાવતા હોય.

પોતાની દરેક હૉસ્પિટલ સુવિધાઓ માટે AGB ટકાવારીની ગણત્રી કરવા માટે કેપિટલ હેલ્થે લૂક-બૅક પદ્ધતિ, સર્વિસ વત્તા ખાનગી સ્વાસ્થ્ય વીમાધારકો માટે મેડિકેર ફીનો ઉપયોગ કર્યો. 12 મહિનાના અગાઉના સમયગાળામાં સર્વિસ વત્તા ખાનગી સ્વાસ્થ્ય વીમાકંપનીઓ માટે મેડિકેર ફી દ્વારા માન્ય બધા ક્લેઈમની રકમને તે ક્લેઈમના કુલ સંબંધિત દરોના સરવાળા વડે ભાગતાં જે રકમ મળે તે પ્રમાણે દર વર્ષે AGB ટકાવારી ગણવામાં આવે છે. લાગુ પડતા AGBની ટકાવારી AGB નક્કી કરવા માટેના કુલ દરોને લાગુ કરવામાં આવશે.

પરિણામી AGB ટકાવારીઓ નીચે પ્રમાણે છે:

*કેપિટલ હેલ્થ રિજિયોનલ મૅડિકલ સેન્ટર*

- ઈનપેશન્ટ સેવાઓ – 7.58 %
- આઉટપેશન્ટ સેવાઓ – 10.58%

*કેપિટલ હેલ્થ મૅડિકલ સેન્ટર – હોપવેલ*

- ઈનપેશન્ટ સેવાઓ – 6.41%
- આઉટપેશન્ટ સેવાઓ – 8.72%

આર્થિક મદદ માટે લાયક હોય તેવા કોઇપણ વ્યક્તિ પાસેથી આ FAP હેઠળ ઉપલબ્ધ AGBના ઓછા દરે અથવા કોઇપણ રાહત દરે ચાર્જ લેવામાં આવશે.

## VIII. આર્થિક મદદ માટે અરજી કરવાની પદ્ધતિ – ચેરિટી કેર એન્ડ અન્ડરઇન્શ્યોર્ડ

A જેઓ ચેરિટી કેર માટે યોગ્યતાના માપદંડો પૂર્ણ કરતા હોય તેવા દર્દીઓએ સહભાગિતા માટે પૂરી કરેલી ન્યુ જર્સી હૉસ્પિટલ આસિસ્ટન્સ પ્રોગ્રામ ઍપ્લિકેશન સુપ્રત કરવાની રહેશે.

આ અરજીમાં ચેરિટી કેર સેક્શન ઑફ હૉસ્પિટલ સર્વિસીઝ મૅન્યુઅલ NJ.AC10:52 મુજબ જરૂરી ચોક્કસ દસ્તાવેજોનો સમાવેશ થાય છે. યોગ્યતા અંગે વિચારણા માટે નીચેના દસ્તાવેજની જરૂર પડે છે:

1. યોગ્ય દર્દી અને કૌટુંબિક ઓળખ દસ્તાવેજો:
   આમાં નીચેનામાંથી કોઇપણનો સમાવેશ થઈ શકે છે: ડ્રાઈવર્સ લાયસન્સ, સોશિયલ સિક્યોરિટી કાર્ડ, એલિયન રજીસ્ટ્રી કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર, પાસપોર્ટ, વિસા, સ્ટેટ દ્વારા જારી ઓળખપત્ર, વગેરે.

2. સેવાની તારીખ પ્રમાણે ન્યુ જર્સીના રહેઠાણનો પુરાવો: આમાં નીચેમાંથી કોઇપણનો સમાવેશ થઈ શકે છે: ડ્રાઈવર્સ લાયસન્સ, વેલફેર પ્લાન ઓળખ કાર્ડ, યુટિલિટી બિલ, ફેડરલ આવક વેરા રિટર્ન, સ્ટેટ આવક વેરા રિટર્ન, અથવા બેરોજગારીના લાભોનું સ્ટેટમેન્ટ (નોંધ: કટોકટીની કાળજી એ રહેઠાણની જરૂરિયાતમાં અપવાદ છે).

3. કુલ આવકનો પુરાવો:
   આમાં પગારની રસીદો, W2's, બેરોજગારીના લાભોના સ્ટેટમેન્ટ વગેરેનો સમાવેશ થઈ શકે છે.

4. સેવાની તારીખ પ્રમાણે સંપત્તિઓનો પુરાવો:
   આ એવી ચીજો છે જેનું તરત રોકડમાં રૂપાંતરણ થઈ જાય છે. તેમાં બેન્ક સ્ટેટમેન્ટ્સ, રોકાણના સ્ટેટમેન્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે.

ક્યારેક, જે તે અરજદારના સંજોગોના આધારે વધારાના દસ્તાવેજોની વિનંતી કરવામાં આવી શકે છે. વ્યક્તિ સેવાની તારીખથી બે વર્ષ (730 દિવસો) સુધીમાં ચેરિટી કેર માટે અરજી કરી શકે છે.

B. જેઓ ઓછી રકમના વીમામાં ડિસ્કાઉન્ટ માટેના લાયકાતના માપદંડોને પૂર્ણ કરતા હોય તેવા દર્દીઓએ યોગ્યતા માટે તેમનો વિચાર કરવામાં આવે તે માટે પૂરી કરેલી કેપિટલ

હેલ્થ કૉન્ફિડન્શિયલ વર્કશીટ સુપ્રત કરવાની રહેશે. આ સુપ્રત કરવા દરમિયાન કોઇ વધારાના દસ્તાવેજો જરૂરી નથી.

વિશિષ્ટ રીતે, આર્થિક મદદની જેમને જરૂર હોય તેવા દર્દીઓ શરૂઆતમાં કૉન્ફિડન્શિયલ ફાઈનાન્શિયલ વર્કશીટ સુપ્રત કરશે. પૂરી પાડેલી માહિતીના આધારે, કેપિટલ હેલ્થનું ક્રેડિટ અને કલેક્શન્સ ડિપાર્ટમેન્ટ દર્દીને જાણ કરશે કે તેઓ આર્થિક મદદ માટે લાયક છે કે નહીં.

એક વખત પૂરી કરેલી અરજી સુપ્રત કરવામાં આવ્યા બાદ, ક્રેડિટ અને કલેક્શન્સ સ્ટાફના સભ્ય આર્થિક યોગ્યતા નક્કી કરવા માટે અરજીની સમીક્ષા કરશે. દર્દીઓ અથવા આર્થિક રીતે જવાબદાર વ્યક્તિને બધા નિર્ણયો અંગે લેખિતમાં જાણ કરવામાં આવશે. દરેક દર્દીના આર્થિક સંજોગોના આધારે વાજબી રીતે ડિસ્કાઉન્ટ લાગુ કરવાનો અધિકાર Capital Health પાસે આરક્ષિત છે.

જો કેપિટલ હેલ્થને અધૂરી અરજી મળે તો લેખિત નોટિસ દર્દીને અથવા આર્થિક રીતે જવાબદાર વ્યક્તિને પૂરી પાડવામાં આવશે, જેમાં FAP-યોગ્યતા નક્કી કરવા માટે વધારાની માહિતી અને/અથવા દસ્તાવેજોની રૂપરેખા આપી હશે. કેપિટલ હેલ્થ દ્વારા વિનંતી કરવામાં આવેલી કોઇપણ વધારાની માહિતી સહિત પૂરી કરેલી અરજી સુપ્રત કરવા માટે દર્દીઓ અથવા આર્થિક રીતે જવાબદાર વ્યક્તિને 30 દિવસોનો સમયગાળો અથવા અરજીના સમયગાળા (સેવાની તારીખથી બે વર્ષ અથવા 730 દિવસો)માં બાકી રહેતાં દિવસો જેટલો સમય આપવામાં આવશે. વધુમાં દર્દીઓને PLS પૂરું પાડવામાં આવશે.

અરજી મફતમાં અને વિનંતી કરવા પર ક્યાં ઉપલબ્ધ છે તે જાણવા માટે કૃપા કરીને ભાગ V જુઓ.

## IX બિલિંગ અને કલેક્શનની કાર્યપ્રણાલીઓ

A વીમા કંપની દ્વારા આર્થિક જવાબદારી સાથે કરારની રીતે બાકી હોય તેવા બધા ખાતાંઓ અથવા જે ત્રાહિત પક્ષની જવાબદારીનું કવરેજ મેળવવામાં નિષ્ફળ જાય તેવા

બધા ખાતાંઓને સેલ્ફ-પે પેશન્ટ ગણવામાં આવે છે. આ દર્દીઓને નોંધણીના સમયે આર્થિક મદદ પર માહિતી આપવામાં આવશે.

B. સેલ્ફ-પે પેશન્ટ્સ ચાર શ્રેણીબધ્ધ ડેટા મેઈલર્સ અને એક તાકીદની નોટિસ સંભાળ માટે પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી 135 દિવસોના સમયગાળામાં મેળવશે. આ તાકીદની નોટિસ દર્દીઓને મોકલવી જોઈએ અને તેમને તેમના પર ચડેલા ઋણ અંગે કલેક્શન એજન્સીને જાણ કરવામાં આવે તે પહેલાં બાકી નીકળતી ચૂકવવાપાત્ર રકમ તેઓ ભરી શકે તે માટે તેમને ઓછામાં ઓછા 30 દિવસો આપવા જોઈએ. આ નોટિસ:

- સૂચવશે કે આર્થિક મદદ લાયક દર્દીઓ માટે ઉપલબ્ધ છે;
- એવા ટેલિફોન નંબરનો સમાવેશ કરશે જ્યાં વ્યક્તિઓ FAP વિશેની માહિતી મેળવી શકે અને અરજીની પ્રક્રિયા અંગે મદદ મેળવી શકે;
- જ્યાં FAP, અરજી અને PLSની નકલો મેળવી શકાય તેવા સંગઠનના વેબસાઈટ એડ્રેસનો સમાવેશ કરશે;
- સંભાળ માટેની ચૂકવણી મેળવવા માટે ત્રાહિત પક્ષની વસૂલાત માટે અસાધારણ કાર્યવાહી ("ECA") શરૂ કરવાનો આશય હોય તેની માહિતી આપશે;
- એવી અંતિમ તારીખ જણાવશે જેના પછી આવા ECAs શરૂ કરી શકાય (અંતિમ તારીખ નોટિસ પૂરી પાડવાની તારીખ બાદ 30 દિવસોથી વધારે ન હોય); અને
- PLSની એક નકલનો સમાવેશ કરશે.

કેપિટલ હેલ્થ વ્યક્તિઓને FAP વિશે મૌખિક રીતે જાણ કરવા માટે અને અરજીની પ્રક્રિયા અંગે વ્યક્તિ કઈ રીતે મદદ મેળવી શકે તે માટે વ્યાજબી પ્રયત્નો કરશે.

C. ડેટા મેઈલર્સ અને તાકીદની નોટિસો ઉપરાંત, દર્દી એકાઉન્ટ વિભાગ બાકી નીકળતી રકમ વસૂલ કરવાનો પ્રયત્ન કરવા માટે $750.00થી વધારે બેલેન્સ સાથેના એકાઉન્ટ પર ટેલિફોન કૉલ્સ કરે છે.

D. જો સેલ્ફ-પેની જવાબદારીનું 135 દિવસોની અંદર નિવારણ ન થાય તો એકાઉન્ટને ખરાબ ઋણ તરીકે માંડી વાળવામાં આવે છે અને દર્દીની અટક પર આધારિત બે બહારની પ્રાથમિક કલેક્શન એજન્સીઓ પૈકીની એકને રવાના કરવામાં આવે છે (આલ્ફા સ્પ્લિટ).

E. એકાઉન્ટ પર કામ કરવા માટે પ્રાથમિક કલેક્શન એજન્સી પાસે 270 દિવસો છે. 270 દિવસોના અંતે જો હજીપણ બાકી બેલેન્સ રહ્યું હોય તો એકાઉન્ટને ફરીથી ઑટોમેટેડ ફેશનમાં લઈ જવામાં આવે છે અને ફરીથી તેને દ્વિતીય કલેક્શન એજન્સીને ફાળવવામાં આવે છે. માત્ર એક જ દ્વિતીય કલેક્શન એજન્સીનો ઉપયોગ કરવામાં આવે છે.

F. વ્યક્તિ પાસે આર્થિક મદદ માટે અરજી કરવા માટે સેવાની તારીખથી બે વર્ષ (730 દિવસો) હોય છે.

G. જો પૂરી થયેલી અરજી મળે તો કેપિટલ હેલ્થ ખાતરી કરશે કે નીચેની બાબતો થાય:

- દર્દીની સામે ECAs સસ્પેન્ડ કરવામાં આવશે;
- યોગ્યતા નક્કી કરવામાં આવશે અને સમયસર તેને નોંધવામાં આવશે;
- કેપિટલ હેલ્થ દર્દીને નિર્ણય તથા નિર્ણય લેવાના આધાર અંગે તેમજ તે રકમ કઈ રીતે નક્કી કરવામાં આવી હતી તે અને લાગુ પડતી AGBની ટકાવારી અંગે લેખિતમાં જાણ કરશે;
- સુધારેલ બિલિંગ સ્ટેટમેન્ટ પૂરું પાડવામાં આવશે જે FAP માટે યોગ્ય દર્દી પરની ઉધાર રકમ સૂચવશે (જો લાગુ પડતું હોય તો); અને

- FAP માટે યોગ્ય દર્દી પર બાકી નીકળતી રકમ ઉપરાંત ચૂકવેલી કોઇપણ વધારાની રકમનું તે પ્રમાણે રિફંડ આપવામાં આવશે (જો લાગુ પડતું હોય તો અને $5થી વધારે હોય તો).

H. જો અપૂરતી અરજી મળે તો કેપિટલ હેલ્થ દર્દીને લેખિત નોટિસ પૂરી પાડશે જે FAP યોગ્યતા નિર્ધારણ કરવા માટે જરૂરી વધારાની માહિતી અથવા દસ્તાવેજોનું વર્ણન કરતી હોય. કેપિટલ હેલ્થ FAP માટે યોગ્યતાનું નિર્ધારણ ન કરે ત્યાં સુધી ત્રાહિત પક્ષકારો કાળજી માટે ચૂકવણી મેળવવા માટે કોઇપણ ECAs રદ કરશે.

I. દ્વિતીય કલેક્શન એજન્સી એ ખરાબ ઋણમાં મૂકવામાં આવેલા એકાઉન્ટ પર કાનૂની કાર્યવાહી કરવા માટે એકમાત્ર અધિકૃત એજન્સી છે. દ્વિતીય કલેક્શન એજન્સી દ્વારા કાનૂની રીતે જેના પર કાર્યવાહી કરવામાં આવી રહી હોય તેવા કોઇપણ ખાતાંઓ ઉપરાંત, દ્વિતીય કલેક્શન એજન્સી પાસે પણ ખાતા પર કામ કરવા માટે 270 દિવસો હોય છે.

J. દ્વિતીય કલેક્શન એજન્સી સાથે 270 દિવસોના સમયગાળાના અંતે એકાઉન્ટને ફરીથી પેશન્ટ એકાઉન્ટિંગ સિસ્ટમ દ્વારા ઑટોમેટેડ ફેશન પર લઈ જવામાં આવે છે અને તેને "'TB" (ટેક બૅક)નો એજન્સી કોડ ફાળવવામાં આવે છે.

K. એજન્સી કોડ TB સાથેનું ખાતું 135 દિવસો માટેની સેલ્ફ-પે કલેક્શન સાયકલમાં હોવાની ખાતરી થાય છે, જેમાં પ્રાથમિક કલેક્શન એજન્સી સાથે 270 દિવસો માટે રહે છે અને દ્વિતીય કલેક્શન એજન્સી સાથે વધુ 270 દિવસો રહે છે.

L. ચૂકવણી કરનાર સાથે કોઇપણ સંબંધ વિના બધા ખાતાંઓ સાથે સમાન વ્યવહાર કરવામાં આવે છે.

જ્યારે દર્દી પોતાની સંભાળ સાથે સંબંધિત કેપિટલ હેલ્થ પ્રત્યેની નાણાંકીય જવાબદારી પૂરી કરવામાં અક્ષમતા વ્યક્ત કરે અથવા મુશ્કેલી બતાવે ત્યારે દર્દીની જવાબદારી પૂરી કરવા માટે આર્થિક મદદ ઉપલબ્ધ છે કે કેમ તે નક્કી કરવા માટે કેપિટલ હેલ્થ દર્દી સાથે કામ કરે છે. આર્થિક મદદમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે:

A. ચૂકવણીના વ્યાજબી પ્લાનની સ્થાપના, જે પ્રાથમિક કલેક્શન એજન્સીને ભલામણ પૂર્વે બિલિંગ સાયકલમાં બાકી રહેલાં દિવસોથી વધવો ન જોઈએ;

B. મૅડિકેઈડ, ચેરિટી કેર અથવા અન્ય ત્રાહિત પક્ષના ચેરિટેબલ સંગઠન જેવા કાર્યક્રમો દ્વારા ઉપલબ્ધ આર્થિક મદદની ઓળખ;

C. આ નીતિના નિયમો અને શરતો પ્રમાણે દર્દીની કાળજી સાથે સંબંધિત ચાર્જ પર આંશિક ડિસ્કાઉન્ટ અથવા સંપૂર્ણ રાહત.

કૅપિટલ હેલ્થ માટે જરૂરી છે કે તેની કલેક્શન એજન્સીઓ આ નીતિનું બરાબર પાલન કરે. આ નીતિ સાથે અનુપાલન શક્ય બનાવવા માટે કૅપિટલ હેલ્થ કલેક્શન એજન્સીઓ સાથે બધી ગોઠવણોમાં નીચેનાનો સમાવેશ કરે છે:

A. એવી જરૂરિયાતો કે કલેક્શન એજન્સી એવી કોઇપણ પ્રવૃત્તિઓથી દૂર રહે જેનાથી Fair Debt Collections Practices Act (15 U.S.C. Section 1692 et. seq.)નું ઉલ્લંઘન થતું હોય.

B. કૅપિટલ હેલ્થના બીનનફાકીય દરજ્જા અંગે કલેક્શન એજન્સી તરફથી સ્વીકૃતિ અને આ નીતિના તે દરજ્જાથી વિપરીત હોય અથવા આ નીતિનું જેનાથી ઉલ્લંઘન થતું હોય તેવી વસૂલાતની રીતોથી દૂર રહેવા માટે એજન્સીના તરફથી મિશન અને સમજૂતીનો સ્વીકાર.

દર્દી અથવા જવાબદાર પક્ષકાર એવી આવક અને/અથવા સંપત્તિ ધરાવે છે જે બિનજરૂરી હાડમારી વિના જવાબદારીને સંતોષવા માટે પૂરતી હોય તેવું માનવા માટે જ્યાં વાજબી કારણ હોય ત્યાં દર્દીની આર્થિક જવાબદારી અંગે સંતોષકારક ખુલાસો મેળવવા માટેના પ્રયત્ન તરીકે કૅપિટલ હેલ્થ માત્ર કાનૂની કાર્યવાહી જ કરે છે. દર્દીની આર્થિક જવાબદારી પૂર્ણ કરવા માટે કૅપિટલ હેલ્થ દર્દીના પ્રાથમિક રહેઠાણનું વેચાણ કરવા કે તેને પ્રતિબંધિત કરવા ઇચ્છતું નથી.

## X સંદર્ભો

યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસ, ઑફિસ ઑફ ઈન્સ્પેક્ટર જનરલ્સ કમ્પ્લાયન્સ ગાઈડલાઈન્સ ટુ હૉસ્પિટલ, માર્ચ 1998

અમેરિકન હૉસ્પિટલ ઍસોસિએશન ઍન્ડ ન્યુ જર્સી હૉસ્પિટલ ઍસોસિએશન સ્ટેટમેન્ટ ઑફ પ્રિન્સિપલ્સ ઍન્ડ ગાઈડલાઈન્સ ફોર હૉસ્પિટલ બિલિંગ ઍન્ડ કલેક્શન પ્રેક્ટિસીઝ

ન્યુ જર્સી એસેમ્બલી બિલ, A 2609

## પરિશિષ્ટ A

### કેપિટલ હેલ્થ
### ગુપ્ત ફાઈનાન્શિયલ વર્કશીટ

**સેવાની તારીખ** ____________________

**દર્દીનું નામ**____________________

સરનામું: ____________________
____________________

ફોન:____________________

**જવાબદાર પક્ષકાર**____________________

સરનામું: ____________________
____________________

**રોજગારનું સ્થળ**

દર્દી:____________________

માતા કે પિતા/પતિ કે પત્ની:____________________

માતા કે પિતા/પતિ કે પત્ની:____________________

**કુટુંબનું કદ**

ઘરના સભ્યોની સંખ્યા: ____________________

અન્ય આશ્રિત વ્યક્તિઓ:________________________________________

**માસિક આવક (માત્ર સેવાની તારીખ માટે જ)**

દર્દીની આવક ____________________________________

પતિ કે પત્નીની આવક ______________________________

પિતાની આવક (જો PT સગીર હોય તો)____________________

માતાની આવક (જો PT સગીર હોય તો)____________________

બાળ સહકાર ____________________________________

સોશિયલ સિક્યોરિટી________________________________

પેન્શન ________________________________________

SSI /અપંગતા____________________________________

ફૂડ સ્ટેમ્પ્સ ______________________________________

અન્ય આવક
( ) હા ____________________________________
( ) ના ____________________________________

**કુલ માસિક આવક** ____________________________________

હું પ્રમાણિત કરું છું કે ઉપરોક્ત માહિતી સાચી અને ચોક્કસ છે અને આ અરજી એટલા માટે કરવામાં આવી છે જેથી કૅપિટલ હેલ્થ ખિસ્સા બહારના તબીબી ખર્ચાઓમાં ઘટાડા માટે મારી યોગ્યતા અંગે નિર્ણય લઈ શકે. જો મેં આપેલી કોઇપણ માહિતી ખોટી હોવાનું સાબિત થાય તો કૅપિટલ હેલ્થ ફરીથી મારી આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરી શકે છે અને મારા ખાતા પર વસૂલાત કરવા માટે જરૂરી કાર્યવાહી કરી શકે છે તેવું હું સમજું છું.

**દર્દી**, **માતા કે પિતા અથવા કાનૂની વાલી**:

| ______________________ | ______________________ | ______________ |
|---|---|---|
| (નામ પ્રિન્ટ કરો) | (સહી) | (તારીખ) |

## પરિશિષ્ટ B

## કૅપિટલ હેલ્થ પ્રોવાઈડર સૂચિ

**નીચેના સમૂહો કૅપિટલ હેલ્થની આર્થિક મદદની નીતિ હેઠળ આવરી લેવામાં આવ્યા નથી:**

કૅપિટલ હેલ્થ મૅડિકલ ગ્રુપ
કૅપિટલ હેલ્થ મલ્ટીસ્પેશ્યાલીટી ગ્રુપ

**સ્વાસ્થ્યસંભાળ વ્યવસાયિક દ્વારા જેનું બિલ લેવામાં આવે છે તેવી નીચેની સેવા રેખાઓ કૅપિટલ હેલ્થની આર્થિક મદદની નીતિ હેઠળ આવરી લેવામાં આવી નથી:**

પ્રોફેશ્નલ એનેસ્થેશિયોલોજી સર્વિસીઝ
પ્રોફેશ્નલ કાર્ડિયો-થોરેસિક & વાસ્ક્યુલર સર્વિસીઝ
પ્રોફેશ્નલ કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ક્રિટિકલ કેર મેડિસિન સર્વિસીઝ
પ્રોફેશ્નલ ડેન્ટિસ્ટ્રી સર્વિસીઝ
પ્રોફેશ્નલ ડર્મેટોલોજી સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઈમર્જન્સી મેડિસિન સર્વિસીઝ
પ્રોફેશ્નલ એન્ડોક્રાઈનોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ફેમિલિ મેડિસિન સર્વિસીઝ
પ્રોફેશ્નલ ગેસ્ટ્રોએન્ટેરોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ જનરલ સર્જરી સર્વિસીઝ
પ્રોફેશ્નલ હેમેટોલોજિ/ઓન્કોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ હેપેટોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઈન્ફેક્શિયસ ડિસીઝ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઈન્ટર્નલ મેડિસિન સર્વિસીઝ
પ્રોફેશ્નલ નેફ્રોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ન્યુરોલોજિકલ સર્જરી સર્વિસીઝ
પ્રોફેશ્નલ ન્યુરોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઓબ્સ્ટેટ્રિક્સ/ગાયનેકોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઑપ્થાલ્મોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઓરલ & મેક્સિલોફેશિયલ સર્જરી સર્વિસીઝ

પ્રોફેશ્નલ ઑર્થોપેડિક્સ સર્વિસીઝ
પ્રોફેશ્નલ ઑટોલેરિન્ગોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ પૅથોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ પીડિએટ્રિક સર્જરી સર્વિસીઝ
પ્રોફેશ્નલ પીડિએટ્રિક્સ સર્વિસીઝ
પ્રોફેશ્નલ પ્લાસ્ટિક & રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી સર્વિસીઝ
પ્રોફેશ્નલ પોડિએટ્રી સર્વિસીઝ
પ્રોફેશ્નલ સાઈકિઆટ્રી સર્વિસીઝ
પ્રોફેશ્નલ સાઈકોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ પલ્મોનરી સર્વિસીઝ
પ્રોફેશ્નલ રેડિએશન ઓન્કોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ રેડિઓલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ રિહેબિલિટેશન મેડિસિન સર્વિસીઝ
પ્રોફેશ્નલ રુમેટોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ થોરેસિક સર્વિસીઝ
પ્રોફેશ્નલ યુરોલોજિ સર્વિસીઝ
પ્રોફેશ્નલ વાસ્ક્યુલર સર્વિસીઝ